વાપી નગરપાલિકા– વાપી

તા–વાપી, જિ.વલસાડ

રીવાઈઝડ મકાન બાંધકામ પરવાનગી બાબત

પરવાનગી ક્રમાંક : ૩ જાવક નં.ટીપી / રજી.૨/ વશી. ૯ /૨૦૧૮–૧૯ / ૯૭/

વર્ષ : ૨૦૧૮–૧૯

તા– ૫ / ૪ /૨૦૧૮

અરજી કર્યાની તારીખ : ૧૮/૮/૨૦૧૭
નગરપાલિકામાં આવક નંબર : ૪૫૩૪
ટાઉન પ્લાનિંગ સમિતિની મીટીંગની તારીખ : તા.૧૩/૧૦/૨૦૧૭
ઠરાવ ક્રમાંક : ૨.૨(૨૩)

શ્રી ચુનીલાલ કરશનભાઈ પીઠવા (એચ.યુ.એફ.) રહે.વાપીને તેમની માલિકીની વાપી નગરપાલિકાના વાપી વિસ્તારમાં આવેલ મોજે.ડુંગરાના રે.સ.નં.૨૧૯/૭ પૈકી+ ૨૧૯/૮ + ૨૧૯/૯ અને ૨૧૯/૨/૨પૈકી+ ૨૧૯/૩/પૈકીપપ વાળી કુલ્લે ૪૯૮૯.૦૦ ચો.મી. જમીનમાં ૮૭૯૩.૮૯ ચો.મી.રહેણાંક તથા વાણિજ્ય હેતુસર રીવાઈઝડ મકાન બાંધકામ માટે નીચેની શરતોએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ (સને--૧૯૭૬ નો રાષ્ટ્રપતિ અધિનિયમ નંબર–૨૭) ની કલમ ૨૯ હેઠળ નીચે જણાવેલ વિગતો મુજબ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

બાંધકામની વિગત :–

બિલ્ડીગ 'એ' + 'બી'–સુચિત

અ.નં.	ફલોર (માળ)	બાંધકામ (એફ.એસ.આઈ બિલ્ટઅપ)નું ક્ષેત્રફળ (ચો.મી.)	બાંધકામનો ઉપયોગ/ હેતુ	એકમ (સંખ્યા)	રિમાર્કસ
૧	૨	૩	૪	૫	૬
૧	ભોયતળિયે	૧૬૪.૫૫	વાણિજ્ય/પાર્કિંગ	૭(સાત)	૩૫૮.૧૬ ચો.મી.પાર્કિંગ
	પ્રથમ માળે	૫૨૨.૩૨	રહેણાંક	૯(નવ)	
	બીજા માળે	૫૨૨.૩૨	રહેણાંક	૯(નવ)	
	ત્રીજા માળે	૫૨૨.૩૨	રહેણાંક	૯(નવ)	
	ચોથા માળે	૫૨૨.૩૨	રહેણાંક	૯(નવ)	
	પાંચમા માળે	૪૬૬.૬૨	રહેણાંક	૭(સાત)	
		૨૭૨૦.૪૫	–	૫૦(પચાસ)	

બિલ્ડીગ 'સી' સુચિત

અ. નં.	ફલોર (માળ)	બાંધકામ (એફ.એસ.આઈ બિલ્ટઅપ)નું ક્ષેત્રફળ (ચો.મી.)	બાંધકામનો ઉપયોગ/ હેતુ	એકમ (સંખ્યા)	રિમાર્કસ
૧	૨	૩	૪	૫	૬
૧	ભોયતળિયે	–	પાર્કિંગ	–	૪૫૦.૩૯ ચો.મી.પાર્કિંગ
	પ્રથમ માળે	૪૬૮.૨૪	રહેણાંક	૧૦(દશ)	
	બીજા માળે	૪૬૮.૨૪	રહેણાંક	૧૦(દશ)	
	ત્રીજા માળે	૪૬૮.૨૪	રહેણાંક	૧૦(દશ)	
	ચોથા માળે	૪૬૮.૨૪	રહેણાંક	૧૦(દશ)	
	પાંચમા માળે	૪૬૮.૨૪	રહેણાંક	૮(આઠ)	
		૨૩૪૧.૨૦	–	૪૮(અડતાલીસ)	

બિલ્ડીગ 'ડી' હયાત

અ. નં.	ફલોર (માળ)	બાંધકામ (એફ.એસ.આઈ બિલ્ટઅપ)નું ક્ષેત્રફળ (ચો.મી.)	બાંધકામનો ઉપયોગ/ હેતુ	એકમ (સંખ્યા)	રિમાર્કસ
૧	૨	૩	૪	૫	૬
૧	ભોયતળિયે	–	પાર્કિંગ	–	૪૮૫.૧૨ ચો.મી.પાર્કિંગ
	પ્રથમ માળે	૪૬૬.૫૩	રહેણાંક	૮(આઠ)	
	બીજા માળે	૪૬૬.૫૩	રહેણાંક	૮(આઠ)	
	ત્રીજા માળે	૪૬૬.૫૩	રહેણાંક	૮(આઠ)	
	ચોથા માળે	૪૬૬.૫૩	રહેણાંક	૮(આઠ)	
		૧૮૬૬.૧૨	–	૩૨(બત્રીસ)	

બિલ્ડીગ 'ઈ' હયાત

અ. નં.	ફલોર (માળ)	બાંધકામ (એફ.એસ.આઈ બિલ્ટઅપ)નું ક્ષેત્રફળ (ચો.મી.)	બાંધકામનો ઉપયોગ/ હેતુ	એકમ (સંખ્યા)	રિમાર્કસ
૧	૨	૩	૪	૫	૬
૧	ભોયતળિયે	–	પાર્કિંગ	–	૪૮૫.૧૨ ચો.મી.પાર્કિંગ
	પ્રથમ માળે	૪૮૫.૧૨	રહેણાંક	૮(આઠ)	
	બીજા માળે	૪૬૬.૫૩	રહેણાંક	૮(આઠ)	
	ત્રીજા માળે	૪૬૬.૫૩	રહેણાંક	૮(આઠ)	
	ચોથા માળે	૪૬૬.૫૩	રહેણાંક	૮(આઠ)	
		૧૮૬૬.૧૨	–	૩૨(બત્રીસ)	
	કુલ	૮૭૯૩.૮૯			કુલ પાર્કિંગઃ– ૨૦૪૨.૨૯ ચો.મી. કવર્ડ પાર્કિંગ–૧૭૭૮.૭૯ ચો.મી. ઓપન પાર્કિંગ–૨૬૩.૫૦ ચો.મી.

★ શરતો ★

૧. મંજૂર કરેલ બાંધકામથી વધારાનું કોઇપણ બાંધકામ પરવાનગી વગર કરવું નહીં.
૨. તમામ બાંધકામ તમારે તમારી હદમાં કરવાનું રહેશે. અને હદ અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી તમારે શીરે રહેશે.
૩. મંજુર નકશા મુજબના ધારા ધોરણને આધિન રહીને તેમજ ઠરાવેલ ધોરણ અનુસાર રોડ માર્જીન છોડી બાંધકામ કરવાનું રહેશે.
૪. બાંધકામ ચાલુ કરતા પહેલા અને પૂરું થયેથી દિન-૧૫ (પંદર) માં નગરપાલિકાને લેખિત જાણ કરવાની રહેશે.
૫. મકાનના ગંદા પાણીની વ્યવસ્થા આપના દ્વારા કરાવવાની રહેશે.
૬. સેપ્ટીક ટેન્ક યોગ્ય ક્ષમતાવાળી રાખવાની રહેશે.
૭. પાણીની વ્યવસ્થા માટે અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકીની સગવડ રાખવાની રહેશે.
૮. પાણીના નિકાલના હયાત વહેણને અકબંધ રાખવાનું અથવા પાણીના નિકાલ અંગેની યોગ્ય અને વ્યવસ્થિત વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહેશે.
૯. ગંદાપાણીની અથવા કોઇપણ પ્રકારની લાઇન ન.પા. તરફથી નાંખવામાં આવે ત્યારે તેને આપના કમ્પાઉન્ડમાંથી પસાર કરવા દેવાની રહેશે.
૧૦. વરસાદના પાણી સિવાયના પાણીનો નિકાલ જાહેર રોડ ઉપર નહીં થાય એવી વ્યવસ્થા કરવાની રહેશે.
૧૧. મળના નિકાલ માટે કાચો ખાડો કરી શકાશે નહીં.
૧૨. જાજરૂ પાણી બંધ સેપ્ટીક ટેન્ક બનાવી શકાશે. ખાડા જાજરૂ કરી શકાશે નહીં.
૧૩. બાંધકામમાં સડેલા યા સહેલાઇથી સળગી જાય એવા પદાર્થોનો યા સાધનોનો ઉપયોગ કરવો નહીં.
૧૪. નગપાલિકાના બાંધકામ સંબંધી હાલના અને હવે પછીના આરોગ્ય તેમજ અન્ય દ્રષ્ટિએ થતાં નિયમો બંધનકર્તા રહેશે.
૧૫. રોડની સફીલ લાગુ પડતી હોય ત્યારે બાંધકામ પૈકીનું કોઇપણ બારણું કે દરવાજો જાહેર રોડ તરફ ખૂલે એ રીતે મુકવો નહીં.
૧૬. કોઇપણ નળ સીધો જાહેર રોડ પર ન પડે તે માટે પરનાળ મુકી પાઇપથી પાણી પડે તેવી વ્યવસ્થા કરવી.
૧૭. નેવના પાણી જાહેર રોડ પર ન પડે તે માટે પરનાળ મુકી પાઇપથી પાણી પડે તેવી વ્યવસ્થા કરવી.
૧૮. બાંધકામ માટે દર્શાવેલ લાઇનની બહાર કોઇપણ પ્રકારનું છજ્જુ યા આકાશી દબાણ કરવું નહીં.
૧૯. કેન્દ્ર સરકાર, રાજય સરકાર તેમજ વડી પંચાયતોના રોડની સફીલ લાગુ પડતી હોય તો રોડ જે સંસ્થાના કબજા હેઠળ હશે તેના નિયમો બંધનકર્તા રહેશે.
૨૦. રેલ્વેની હદથી ૩૦ મીટરની અંદર બાંધકામના કિસ્સામાં રેલ્વે વિભાગનું "ના વાંધા પ્રમાણપત્ર" (NOC) મેળવી લેવાનું રહેશે. જેની નકલ નગરપાલિકાને રજૂ કરવાની રહેશે.
૨૧. અરજદારની મિલકત નહીં હોય તેવી જમીન પર બાંધવા આ પરવાનગીથી કંઇપણ હક્ક મળતો નથી.
૨૨. જી.ઇ.બી. દ્વારા ટ્રાન્સફર્મર મુકવાની જરૂર પડે ત્યારે પોતાના કમ્પાઉન્ડમાં મુકાવવાનું રહેશે.
૨૩. કમ્પાઉન્ડમાં કચરાપેટી રાખવાની રહેશે.

-૪-

૨૪. બાંધકામના નીચેના દરેક તબક્કે ફોર્મ નં.૧૧ માં દર્શાવ્યા મુજબનું પ્રોગ્રેસ સર્ટીફિકેટ રજૂ કરવાનું રહેશે. અને સત્તામંડળ તરફથી પરવાનગી મેળવ્યા બાદ જ આગળના તબક્કાનું બાંધકામ કરવાનું રહેશે.

(૧) પ્લિન્થ
(૨) ભોંયતળિયે
(૩) વચ્ચેનો માળ
(૪) છેલ્લો માળ

૨૫. આ પરવાનગીના કારણે અરજદારની માલિકી/કુલમુખત્યારનામું તથા જમીનનો હદ વિસ્તાર તથા ક્ષેત્રફળ અંગેની મંજૂરી મળતી નથી, પરંતુ નિયમોનુસાર વિકાસ અંગેની મંજૂરી મળેલ છે તેમજ આ પરવાનગી અધિકૃત સનદના માપને આધિન રહીને આપેલ ગણાશે.

૨૬. ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ -૧૯૭૬ અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ સિવાયના બીજા વર્તમાન કાયદાઓ હેઠળ લેવાપાત્ર મંજૂરીને આધિન રહીને વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

૨૭. ઔદ્યોગિક / વાણિજય બાંધકામને લગતા સરકારશ્રીના જુદા જુદા ખાતાઓના નીતિનિયમો પણ અરજદારશ્રીને બંધનકર્તા રહેશે. તેમજ તે અંગે સંબંધિત કચેરીનું ના વાંધા પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે.

૨૮. લે-આઉટ પ્લાનમાં દર્શાવેલ ખુલ્લી જમીનમાં વોટર રિ-ચાર્જીંગ / વરસાદી પાણીનો ભૂગર્ભમાં સંગ્રહ થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

૨૯. માન્ય લેબોરેટરીના રિપોર્ટસ અન્વયે જમીન પર થનાર વિકાસ કાર્યનો યોગ્યતા અને સલામતિના માપદંડ તથા સુચવેલ ભલામણોનો અમલ કરી તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તે મુજબ બાંધકામની મજબૂતાઇ અંગે સ્ટ્રકચરલ એન્જિનીયરે નકશા તૈયાર કરવાના રહેશે. તથા બાંધકામ કરવાનું રહેશે. તથા તેની જાણ સમયાંતરે સત્તામંડળને કરવાની રહેશે.

૩૦. સરકારશ્રીના તા-૨૯/૫/૨૦૦૧ના સ્ટ્રકચરલ સેફ્ટી અંગેના એનેક્ષરના વિનિમય ૧૩, ૧૪, ૧૫ની જોગવાઇ અનુસાર ભૂકંપ અંગેની સુરક્ષા, ચક્રવાત અંગેની સુરક્ષા, બાંધકામ તથા બાંધકામમાં વપરાતા ઇમારતી માલ સામાનની ગુણવત્તા અને તેની ચકાસણી, બાંધકામની સ્થિરતા તથા આગ અંગેની સલામતિ તેમજ અન્ય ભયજનક બાબતો અંગે નિષ્ણાતોના સલાહ-સૂચનો મુજબ પગલાં લેવાની તમામ જવાબદારી આર્કિટેકટ/ઇજનેર/સ્ટ્રકચરલ એન્જિનીયર/કલાર્ક ઓફ વર્કસ/સુપરવાઇઝર/ડેવલપર્સ/જમીન માલિકની રહેશે.

૩૧. પ્રશ્નવાળી જમીનમાં આ અગાઉ પરવાનગી ક્રમાંક–૧૨૮, તા.૧/૩/૨૦૧૩ થી આપેલ વિકાસ પરવાનગી રદ ગણવાની રહેશે.

૩૨. હાલ હંગામી આવાસ અસ્તિત્વમાં હોય તે આપેલ બાંહેધરી પ્રમાણે દૂર કરવાનું રહેશે.

૩૩. મકાન બાંધકામ પૂરું થયેથી નિયત નમુનામાં એક માસમાં બિલ્ડીંગ યુઝ પરમીશન (BUP) મેળવવા માટે અરજી કરવાની રહેશે.

૩૪. નેશનલ બિલ્ડીંગ કોડ અનુસાર બાંધકામ સ્ટેબીલીટી અંગેના નિયમોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૩૫. પોતાની માલિકીના કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ કરવાનું રહેશે.

૩૬. કામ શરૂ કરવાના એક અઠવાડિયા પહેલાં સોઇલ ટેસ્ટીંગ રીપોર્ટ તથા સ્ટ્રકચર ડીઝાઇનના નકશા અત્રેની કચેરીએ રજૂ કરવાના રહેશે.

૩૭. આ પરવાનગી પત્રની તારીખથી બે વર્ષ સુધીમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે. જો તે ન પૂર્ણ થાય તો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૩૨ હેઠળ તા.૧૫/૬/૨૦૧૬ ના રોજ મંજુર થયેલ કોમન જીડીસીઆરની જોગવાઈ મુજબ સમય મર્યાદા વધારવાની અરજી કરી મંજુરી મેળવવાની રહેશે.

૩૮. બાંધકામ કરનાર કોન્ટ્રાકટરના નામ સરનામા સાથેની સંપૂર્ણ વિગતો કામ શરૂ કરતા પહેલાં અત્રેની કચેરીએ રજૂ કરવાની રહેશે.

૩૯. લાગુ પડતા અન્ય સરકારી વિભાગોની લેવાની થતી મંજુરીઓ મેળવવાની રહેશે.

૪૦.માલિકીની જમીનના સૂચિત બિલ્ડીગના વીજળી સુવિધાના પોલ તથા ટ્રાન્સફોર્મર અને ગેસલાઈનના પાઈપ તથા સબસ્ટેશન પોઈન્ટ પોતાની માલિકીના પ્લોટમાં જ ઉપલબ્ધ કરાવવાના રહેશે.

૪૧. સરકારશ્રીના પરિપત્રની જોગવાઈ મુજબ બાંધકામની કિંમતના ૧ % ના દરે પ્રશ્નવાળી જમીનની કામદાર સેસની ભરવાપાત્ર રકમ ભરવાની રહેશે.

૪૨. ડેવલપર ધ્વારા બિલ્ડીગ બનાવવામાં આવે ત્યારે જીડીસીઆરના નિયમ નં.૨૦.૩ મુજબ સોલીડ વેસ્ટની ડીસ્પોઝલની સુવિધા ઉભી કરવાનું રહેશે. તથા નિયમ નં.૨૦.૪ મુજબ લાગુ પડતુ હોય ત્યાં ગંદા પાણી (ગ્રે /બ્લેક વોટર) ને ટ્રીટમેન્ટ કરી તે ને ટોયલેટમાં તથા ગાર્ડનમાં રીયુઝ કરવા માટેની સુવિધા ફરજિયાત ઉભી કરવાની રહેશે. તે સુવિધા માટેની જરૂરી ડીઝાઈન તથા અન્ય જરૂરિયાત બાબતેનું માર્ગદર્શન નગરપાલિકા ખાતેથી મેળવવાનું રહેશે.

૪૩. ફેકટરી એકટના નિયમો મુજબ સંબંધિત વિભાગોની લેવાની થતી મંજુરીઓ મેળવવાની રહેશે. તથા ફેકટરી એકટના નિયમોનુસાર ફેકટરીમાં તમામ વ્યવસ્થા રાખવાની રહેશે.

૪૪. નેશનલ બિલ્ડીગ કોડ તથા કોમ્પ્રિહેન્સીવ ગુજરાત ફાયર પ્રિવેન્શન અને લાઈફ સેફટી એકટ–૨૦૧૩ અને રેગ્યુલેશન–૨૦૧૬ જીડીસીઆરની જોગવાઈ મુજબ ફાયર સીસ્ટમ લગાવવાની રહેશે.

૪૫. નકશામાં દર્શાવ્યા સિવાયનું વધારાનું બાંધકામ કરતાં પહેલાં તેના રિવાઇઝ નકશા અત્રેની કચેરીએથી મંજૂર કરાવવાના રહેશે.

૪૬. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત સરકારશ્રી ધ્વારા તા.૧૫/૬/૨૦૧૬ તથા તા.૩/૧૦/૧૬ ના રોજ મંજુર થયેલ કોમન જીડીસીઆરની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૪૭. ઉપર જણાવેલ શરતોનો ભંગ કરવા બદલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૨૯/૫, ૩૫, ૩૬ અને ૩૭ની જોગવાઇ મુજબ દંડ અને શિક્ષાને પાત્ર રહેશે. તથા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૪૮. તાલુકા વિકાસ અધિકારીશ્રી પારડીના તા.૨૧/૮/૨૦૦૯ ના પત્ર ક્રમાંકઃ–તા.પં./મહેસૂલ/વશી/૧૩૦૬/૦૯ થી લખી આપેલ દાખલા મુજબ પ્રશ્નવાળી જમીન બિનખેતી તા.૬–૦૨–૮૧ થી થયેલ છે. પરંતુ તેનું પ્રકરણ મળી આવેલ નથી. તેથી બિનખેતીનાં મંજૂર લેઆઉટની હદનું વેરીફીકેશન થતુ નથી. પરંતુ સદર બિનખેતીની જમીનની ડી.આઈ.એલ.આર. શ્રી ધ્વારા તા.૭/૧૦/૨૦૧૭નાં રોજ થયેલ માપણીશીટની પ્રમાણિત નકલ અરજદારે રજુ કરેલ છે. જેને આધીન સદર રીવાઈઝડ વિકાસ પરવાનગી આપવામાં આવે છે. જેથી પ્રશ્નવાળી જમીનની હદ બાબતે ભવિષ્યમાં કોઈ કોંટેકસ કે વાદ–વિવાદ થાય તો તેની સંપૂર્ણ જવાબદારી અરજદારશ્રીની રહેશે.

૪૮. ઉપરોકત જણાવેલ કોઈપણ શરતનો ભંગ થશે તો આપેલ વિકાસ પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે.

ઉપરની શરતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. એનો ભંગ થતા માલમ પડશે તો પાલિકા તુરત જ બાંધકામ સામે મનાઇ ફરમાવી શકશે અને વધારાનું બાંધકામ અગર દબાણ કર્યું હશે તો તે બાંધકામ તમારા હિસાબે અને જોખમે દૂર કરવામાં આવશે તથા તેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે.

આ મકાનનું બાંધકામ/સમારકામ/ફેરફાર કામ પૂર્ણ થયેથી આ કામે થયેલ ખર્ચ સહિત સદર મિલ્કતની કિંમતની જાહેરાત કરતી આકારણી અંગેની અરજી તાત્કાલીક અત્રેની કચેરીમાં આથી સદર મિલ્કત અંગે વાપી નગરપાલિકા મારફતે આકારણી કરાવડાવી ભરવાપાત્ર થતા કરની રકમ ભરપાઇ કરવાની રહેશે. આકારણી થઇ કર ભર્યા પછી જ જે તે હેતુ માટે મકાનનો ઉપયોગ કરી શકાશે.

નોંધ : જાહેર જનતાને હિત સંબંધે વિકાસ પરવાનગી સાથે મંજુર કરાયેલ નકશાઓનો લેમીનેટ કરાયેલ એક સેટ નકલ સ્થળ ઉપર રાખવાનું રહેશે. તેમજ વિકાસ પરવાનગીનું નંબર તારીખ તેમજ જમીનની વિગત દર્શાવતું બોર્ડ પ્રસિધ્ધ કરવાનું રહેશે.

ચીફ ઓફિસર
વાપી નગરપાલિકા અને વિસ્તાર વિકાસ સત્તામંડળ
વાપી

પ્રતિ,
શ્રી ચુનીલાલ કરશનભાઈ પીઠવા (એચ.યુ.એફ),
હરિયાપાર્ક, ડુંગરા–વાપી.

આ હુકમની નકલ તથા મંજુર થયેલ પ્લાનનો ૧ (એક) સેટ મળેલ છે. હુકમની તમામ શરતો મેં /અમે વાંચી છે. તથા તે મને / અમને કબુલ મંજૂર છે.

....

પરવાનગી લેનારની સહી

વાપી નગરપાલિકા
મુ. પો. વાપી – ૩૯૬૧૯૧, તા– વાપી, જિ. વલસાડ
VAPI NAGARPALIKA
At. Po. Vapi- 396191, Tal. Vapi-,Dist. Valsad.

150 YEARS OF CELEBRATING THE MAHATMA

Office : (0260) 2463378 (0260) 2462803 Fire Station-(0260) 2460100	ચીફ ઓફિસર– Chief Officer (O) – (0260) 2462301 E-mail :vapimun@yahoo.com	પ્રમુખ– President (O) – (0260) 2461402

No. TP /Regi.2 /Vashi. 371 /2021-22 / 1580, Dt.04/08/2021

GRANT OF PART BUILDING USE PERMISSION

(See Regulation No. 3.9.1)

To,
Chunilal K.Pithava (H.U.F)
Old S.R.NO-219/79P+219/8+219/9 & 219/2/2P+219/3/P55,
Hariya Park,
Dungra, Vapi.

VAPI MUNICIPALITY, TAL. VAPI, DIST. VALSAD.

Permission No: -03 Dt.05/04/2018
Purpose of building : Residential
Land Details : Moje-Dungra- Old R.S.No. 219/79P+219/8+219/9 & 219/2/2P+219/3/P55
Area of the Plot :- 4989.00 Sq.Mt.
Total FSI Area- 8793.89 Sq.mt.
Total FSI area for which BUP granted : 2341.20 Sq.Mt. (Building-C)
Total Unit for which BUP granted:- Unit- 48(Residential)
Address and location of proposed building:- Hariya Park,Dungra, Vapi-396195.

With reference to your Application No : 5024 dated: 09/06/2021 this is to inform you that the Building unit has been inspected on date: 17/06/2021, 17/07/2021 the development is as per sanctioned design and specifications; and so Part Building Use Permission has been granted. The building may be used as per sanctioned drawings. This Part Building Use Permission is to be read in conjunction with all other documents and drawings which are enclosed as per the provisions of Regulation and its Schedules, and that all such documents, drawings and specifications form part of this Building Use Permission. Necessary required fire system rules regulations & conditions shall have to be followed as per Gujrat Fire Prevention and life safety Measures Rules-2014 & Regulations-2016 and as per N.B.C. the conditions given in FINAL NOC No: RFO-SFPS/F.NO.1235/NOC-Residential cum Commercial Building of Regional fire officer Surat dt.27/05/2021. Developer shall have to take insurance coverage of the building for 5 years as per CGDCR Unit-I Table No-5.2-cc3 category

Chief Officer
Vapi Area Development Authority

C.C.to :
(1) Tax Suprintendent, House Tax department, Vapi Municipality, Vapi for Assessment process.
(2) Hydraulic Engineer, Water supply & Drainage department, Vapi Municipality, Vapi for information & necessary action .
(3) Sanitary Inspector, Health department, Vapi Municipality, Vapi to provide garbage collection facility.

વાપી નગરપાલિકા

મુ. પો. વાપી – ૩૯૬૧૯૧, તા– વાપી, જિ. વલસાડ

VAPI NAGARPALIKA

At. Po. Vapi- 396191, Tal. Vapi-,Dist. Valsad.

Office : (0260) 2463378 (0260) 2462803 Fire Station-(0260) 2460100 ફેક્ષ નં. : (0260) 2462300	ચીફ ઓફિસર– Chief Officer (O) – (0260) 2462301	પ્રમુખ– President (O) – (0260) 2461402

જા.નં. : ટી.પી./રજી.૨/ વશી. ૧૬૮૯ /૨૦૧૭–૨૦૧૮

તા– ૩૧/૩/૨૦૧૭

પાર્ટ બાંધકામ કમ્પલીશન સર્ટીફિકેટ

પ્રતિ,
શ્રી ચુનીલાલ કરશનભાઈ પીઠવા(એચ.યુ.એફ)
ડુંગરા, વાપી.

પરવાનગી ક્રમાંક :– ૧૨૮, ૨૦૧૨–૧૩
સુચિત આયોજન :– વાણિજય/રહેણાંક
જમીનની વિગત :– મોજે.ડુંગરાના સ.નં.૨૧૯/૭ પૈકી+૨૧૯/૩/૮+૨૧૯/૯, ૨૧૯/૨/૨ પૈકી+૨૧૯/૩પૈકી ૫૫
પ્લોટનું ક્ષેત્રફળ :– ૫૨૬૩.૦૦ ચો.મી.
કુલ એફ.એસ.આઈ.બાંધકામનું ક્ષેત્રફળ :– ૫૨૭૯.૪૭ ચો.મી.

આથી જણાવવાનું કે વાપી નગરપાલિકા હદમાં વાપી વિસ્તારમાં આવેલ મોજે.ડુંગરાના સ.નં.૨૧૯/૭ પૈકી+૨૧૯/૩/૮+૨૧૯/૯, ૨૧૯/૨/૨ પૈકી+૨૧૯/૩ પૈકી ૫૫ વાળી જમીનમાં મકાન બાંધકામ કરવા અંગેની પરવાનગી મેળવવા માટે અરજદાર શ્રી ચુનીલાલ કરશનભાઈ પીઠવા(એચ.યુ.એફ), રહે.વાપીનાએ અરજી કરેલ હતી. જેના અનુસંધાને વાપી નગરપાલિકા તરફથી પરવાનગી ક્રમાંકઃ–૧૨૮, તા.૧/૩/૨૦૧૩ થી પરવાનગી આપવામાં આવેલ છે. સદરહુ આપેલ પરવાનગીથી મંજુર થયેલ પ્લાન મુજબ વાણિજય/રહેણાંક હેતુ કુલ–૪૮ યુનિટ માટે ૨૪૬૪.૭૨ ચો.મી. એફ.એસ.આઈ.બાંધકામ પૂર્ણ થયેલ છે.

ઉપરોકત જણાવેલ પરવાનગીથી મંજુર કર્યા પ્રમાણેના પ્લાન જણાવેલ હેતુ માટે જ ઉપયોગ કરવાનો છે.

નગરપાલિકા કચેરી,
વાપી.

ચીફ ઓફિસર
નગરપાલિકા વાપી.

o/c

PROGRESS REPORT-RAGI/69

વાપી નગરપાલિકા
મુ. પો. વાપી – ૩૯૬૧૯૧, તા– વાપી, જિ. વલસાડ

VAPI NAGARPALIKA
At. Po. Vapi- 396191, Tal. Vapi-,Dist. Valsad.

Office : (0260) 2463378 (0260) 2462803 Fire Station-(0260) 2460100 ફેક્ષ નં. : (0260) 2462300	ચીફ ઓફિસર– Chief Officer (O) – (0260) 2462301	પ્રમુખ– President (O) – (0260) 2461402

જા.નં.ટીપી/રજી. ૨ /વશી.૧૬૨૭/૨૦૧૮–૧૯ ૪૦૮ તા. ૮/૧/૨૦૧૯

પ્રતિ
શ્રી ચુનીલાલ કરશનભાઈ પીઠવા (HUF)
ડુંગરા–વાપી.

પરવાનગી ક્રમાંકઃ– ૩
પરવાનગીની તારીખ :– ૫/૪/૨૦૧૮
ગામનું નામઃ– ડુંગરા– વાપી
રે.સ.નં./સી.સ.નં.:– રે.સ.નં.૨૧૯/૨/૨/પૈ +૨૧૯/૩/પૈ+ ૨૧૯/૭પૈ +૨૧૯/૮ +૨૧૯/૯
બિલ્ડીગ– 'સી' બિલ્ડીગ

વિષયઃ– પ્રોગેસ રિપોર્ટ આપવા બાબત.
સંદર્ભઃ– આપશ્રીની તા.૧/૧૨/૨૦૧૮ રોજની અરજી.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આપે સંદર્ભ હેઠળના પત્રથી **પ્લીન્થ લેવલ / ગ્રાઉન્ડ ફ્લોર/ મિડલ સ્ટોરે/ લાસ્ટ સ્ટોરી** ના પ્રોગેસ રીપોર્ટની અરજી આપેલ છે. જે અન્વયે અત્રેથી તા.૧૫/૧૨/૨૦૧૮ના રોજ સ્થળ તપાસ કરેલ છે. જે અન્વયે આપે સ્થળે કરેલ **પ્લીન્થ લેવલ/ગ્રાઉન્ડ ફ્લોર/મિડલ સ્ટોર/લાસ્ટ સ્ટોરી** સુધીનું બાંધકામ મંજૂર થયેલ આયોજન સાથે સુસંગત છે. જેથી આગળનું **બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવે છે.**

ચીફ ઓફિસર
વાપી નગરપાલિકા

RADHE INFRA

306, SURAJ PARK, NEAR CINE PARK, VASHIYAR, VALSAD. 396 001

CLARIFICATION ON BLOCKS AS PER APPROVED LAYOUT PLAN

The said project is situated on the Survey No. 2289 and 2237 having total numbers of 4 Building Blocks as per the Approved Plan by the Competent Authority. The 4 Blocks are (A & B ; C ; D ; E)

Building A & B :- Proposed under the said RERA Application which is to be developed by the Promoter.

Building C :- Already Registered under the RERA vide Registration No.:- PR/GJ/VALSAD/PARDI/Others/MAA03186/190718 by the previous owner.

Building D :- The said Building is already completed by the previous owners and they had received Completion Certificate from Vapi Nagarpalika being Competent Authority on 31/03/2017. Hence RERA is Not Applicable for the said Building Block.

Building E :- The said Building is already completed by the previous owners and they had received Completion Certificate from Vapi Nagarpalika being Competent Authority on 31/03/2017. Hence RERA is Not Applicable for the said Building Block.

Further Plinth Certificate for the Building C is received on 08/01/2019 from Vapi Nagarpalika and the Said Commencement Certificate was received on 05/04/2018 and the previous owner of the said building has already commenced the Construction work before the completion of 1 year from the issue date of commencement certificate.

Yours Faithfully,

For RADHE INFRA

PARTNER

Radhe Infra,

Vijaykumar Nathabhai Balar